October 2021

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 17 ● Issue 01 / 158
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



આ વર્ષે યોજાનાર **પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ માટેના ખેલાડીઓનું Auction દિનાંક ૨૪-૧૦-૨૦૨૧ના રોજ યોજાયેલ.**

આ પ્રસંગે ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ટીમના ઓનર્સ, PPLના સ્પોન્સરર્સ તેમજ મંડળના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ. ટુર્નામેન્ટના ગત વર્ષના સ્પોન્સર **શ્રી સૌરીનભાઈ શાહે (ઢંઢેરવાડો-ગોરેગામ) આ વર્ષે પણ મુખ્ય સ્પોન્સરર્સ તરીકે સહર્ષ સંમતિ આપેલ છે.** ગત વર્ષની છ એ ટીમના ઓનર્સ પણ આ વખતની ટુર્નામેન્ટમાં સામેલ છે તે બદલ આ સર્વેનો હું આભાર માનું છું.

આ ક્રિકેટ ટુર્નામેન્ટના માધ્યમથી પાટણના યુવાનો વચ્ચે સંપર્ક અને આત્મિયતા તો વધે જ છે, પરંતુ અત્યાધુનિક ઢબે ટુર્નામેન્ટના 'યુ-ટ્યુબ'ના પ્રસારણ જેવા અનેક આકર્ષણોને લઈ પાટણના વ્યાપારી અને કોર્પોરેટ ક્ષેત્રને એમની બ્રાન્ડની પબ્લિસિટી તથા માર્કેટીંગ કરવા માટેનું PPL ટુર્નામેન્ટ આકર્ષક પ્લેટફોર્મ બની રહ્યું છે. આજ કરણસર આ સિઝનમાં અમદાવાદ વસતા આપણા સમાજના ડંક મહેતાના પાડાના **શ્રી દિપકભાઈ મફતલાલ શાહ(M/s Filco Trade Centre Pvt. Ltd.)દ્વારા યુ-ટ્યુબ બ્રોડકાસ્ટીંગના** સૌજન્ય દાતા બનવાનું સ્વીકારેલ છે તે બદલ હું તેમનો પણ આભાર વ્યક્ત કરું છું.

આ વર્ષે કોરોનાના નિયમોમાં આંશિક છૂટછાટ મળ્યાથી સમાજના સૌ ક્રિકેટ રસિકો પ્રત્યક્ષ આ મેચો જોવાનો આનંદ માણી શકશે.

આ અંક સૌના હાથમાં આવશે ત્યારે દિવાળી પુરી થઈ નવી આશાઓ સાથે નવા વર્ષનું આગમન થઈ ચૂક્યું હશે. ગત દોઢ વર્ષમાં સમાજનાં મધ્યમવર્ગ તેમજ નોકરીયાત વર્ગોએ ઘણી તકલીફો વેઠી દિવસો કાઢ્યા, કેટલાય કુટુંબો માંદગીમાં હેરાન થયા. શ્રી પાટણ જૈન મંડળ તેમજ સમાજના દાતાઓના ટ્રસ્ટો, સાધર્મિકો માટેના ફાઉન્ડેશનો તેમજ ધાર્મિક સંસ્થાઓ કપરાકાળમાં ઘેરાયેલા સાધર્મિક પરિવારોની પડખે તન-મન-ધનથી સહયોગ આપી અડીખમ ઊભા રહી સહાયક બન્યા છે, તેનું ગૌરવ છે.

**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત, શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ સને ૧૯૯૯થી પાટણમાં કાર્યરત છે.** પંડિત શ્રી ચંદ્રકાંતભાઈ તથા શ્રી રાજુભાઈ છેડા દ્વારા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠના માધ્યમથી પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાનની ઉત્તમ પ્રવૃત્તિ પાટણમાં ચાલી રહી છે. જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ દ્વારા ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાના સંસ્થાના હેતુને ચરિતાર્થ કરવા જ્ઞાનપીઠમાં વાર્ષિક લગભગ રૂપિયા ૨૬ લાખથી વધુ ખર્ચ થવા પામે છે. **શ્રુતજ્ઞાન પ્રદાનની ઉપર્યુક્ત પ્રવૃત્તિને સંપૂંર્ણ આત્મ નિર્ભર બનાવવા મંડળ દ્વારા રૂપિયા પાંચ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.** ગત અંકમાં આ બાબત વિસ્તારપૂર્વક જણાવેલ અને રૂપિયા ૧૧ લાખ તેમજ રૂપિયા ૫ લાખનું દાન આપનાર દાતાઓને જ્ઞાનપીઠ ખાતે કાયમી નામની તક્તી, સંસ્થાના વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તરીકેના હક્કો તેમજ અન્ય લાભો વિશે માહિતી આપી હતી. જેને કારણે **સંસ્થાને અત્યાર સુધી ૧.૧૯ કરોડના વચનો ઉપલબ્ધ થયા છે.** મંઝિલ થોડી લાંબી જરૂર છે પણ મને સમાજના ધર્મપ્રેમી સખીદાતાઓમાં પૂર્ણ શ્રદ્ધા છે, જેથી નિર્ધારેલ લક્ષ્યાંક સત્વરે પાર પાડી શકવા સંસ્થા જરૂર સફળ થશે જ. સમાજના દાતાઓ, **જૈન ધર્મના જ્ઞાન પ્રસાર અને પ્રચારના આવા ઉમદા કાર્યમાં આર્થિક સહયોગ આપી સંસ્થાની આ પ્રાવૃત્તિ અવીરત ચાલુ રહે એ માટે આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થાય એવી મારી નમ્ર વિનંતી છે.**

### નૂતન વર્ષ... બને સરસ...

અનંત ઉપકારી પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનાં નિર્વાણથી અને અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના કેવલજ્ઞાનથી આરંભાતા નૂતનવર્ષના સુવર્ણ 'સૂર્યોદય'ની સ્વર્ણિમ ક્ષણે, મનોમંદિરમાં પ્રભુ મહાવીરદેવ જેવી ક્ષમા અને ગૌતમસ્વામી જેવો વિનય, જંબુસ્વામી જેવો ત્યાગ અને સ્થૂલભદ્રજી જેવો સંયમ, સંપ્રતિરાજા જેવી જિનભક્તિ અને કુમારપાળરાજા જેવી ગુરુભક્તિ, મયણાસુંદરી જેવી ધર્મભક્તિ અને શ્રીપાલકુમાર જેવી નવપદભક્તિ, શ્રેયાંસકુમાર જેવું દાન અને સુદર્શન શેઠ જેવું શીયળ, ધન્નાઅનગાર જેવો તપ અને જીર્ણશેઠ જેવો ભાવ પ્રગટે એજ અંતરની શુભકામના.

**નૂતન વર્ષાભિનંદન**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## ''પાટણ પ્રિમિયર લીગ'' ક્રિકેટ ટુર્નામેન્ટ, ૨૦૨૧ ના ખેલાડીઓના Auctionનો કાર્યક્રમ



સંસ્થાના હોદ્દેદારો તથા ટુર્નામેન્ટના સૌજન્ય દાતા



સ્પોર્ટ્સ સમિતિના સભ્યો



Physionish Smashers



Kusum Warriors



S.K. Strikers



SPS Super Stars



MTM Riders



Turf Blasters



બ્રોડકાસ્ટીંગ સ્પોન્સરર




**પધારો પધારો પધારો**

### નવનિર્મિત તીર્થ :

### શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ - ભેંસાવહી

વડોદરા થી ૭૬ કિ.મી.ના અંતરે (દોઢ કલાક)



ભેંસાવહી ગામે સુંદર નૂતન ચોવીસ જિનાલય તીર્થનું નિર્માણ થયું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન છે. તેમજ એની વિશિષ્ટતારૂપે ૨૪ તીર્થંકર અને વિશ વિહરમાન સિમંધર સ્વામી - પરિસરની નયનરમ્ય રચના કરવામાં આવેલ છે. દરેક ભગવાનના પરિકરની રચના અલગ અને અદ્‌ભુત છે. સાથે જ અદ્યતન વ્યવસ્થા અને સુવિધાવાળી ધર્મશાળા અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. આ ધર્મશાળા અને ભોજનશાળાનો લાભ **''શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ (માટલીવાલા) (કનાસાનો પાડો) પરિવારે''** લીધેલ છે. આપ સર્વે ભાવિકોને આ તીર્થમાં પધારી સેવા પૂજા દર્શનનો અચૂક લાભ લેવા વિનંતી. વિશ્વના ૧૦૦ જોવા લાયક સ્થળોમાં જેની ગણના થાય છે તે **''સ્ટેચ્યુ ઓફ યુનિટી''** અહીંથી માત્ર ૬૫ કિ.મી. (સવા કલાક)ના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત તેમજ તીર્થના દર્શન - સેવાપૂજા - નવકારશી આમ 'યાત્રા' તેમજ 'પર્યટન' બન્નેનો આનંદ લઈ શકશો.

**વધુ વિગત માટે સંપર્ક :- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા મો. નં. 9930891985**

ADVT

# ''પાટણ પ્રિમિયર લીગ'' ક્રિકેટ ટુર્નામેન્ટ, ૨૦૨૧

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા છેલ્લા ચાર વર્ષથી નિયમિત યોજાઈ રહેલ પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટની ભવ્ય સફળતા બાદ ચાલુ સાલે પણ **''પાટણ પ્રિમિયર લીગ'' ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સમાજના યુવા ખેલાડીઓનું Auction તા. ૨૪-૧૦-૨૦૨૧ના રવિવારે શાનદાર રીતે સંપન્ન થયું.**

આ પ્રસંગે મંડળના પદાધિકારીઓ **ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ, શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ તેમજ એડમિનિસ્ટ્રેટીવ સેક્રેટરી શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, પી.પી.એલ. ટુર્નામેન્ટના સ્પોન્સર શ્રી સૌરીનભાઈ શાહ (ગોરેગામ) તેમજ અન્ય P.P.L Event Partners, ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ટીમના ઓનર્સ તેમજ સ્પોર્ટ્સ સમિતિના પદાધિકારીઓ તથા સભ્યો હાજર હતા.** કોરોનાના સરકારી આદેશોને અનુસરી મર્યાદિત સંખ્યામાં આમંત્રિતોની હાજરીમાં ઉપર્યુક્ત કાર્યક્રમનું સુંદર આયોજન થયું હતું. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ યુ-ટ્યુબ ઉપર થયું હતું.

નીચે જણાવ્યા મુજબ છ ટીમો વચ્ચે જાન્યુઆરી ૨૦૨૨થી હરિફાઈઓ થશે જેનુ જીવંત પ્રસારણ યુ-ટ્યુબ દ્વારા જોઈ શકાશે. ટુર્નામેન્ટની મેચોની વિગત પ્રતિબિંબના હવે પછીના અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**નીચે જણાવ્યા મુજબની ગત સિઝનમાં હતી એજ છ ટીમો આ સીઝનમાં રમશે.**

**(૧) કુસુમ વોરીયર્સ** **(૨) ફિઝિયોનીશ સ્મેશર્સ**
**(૩) એસ.પી.એસ. સુપરસ્ટાર્સ** **(૪) એસ.કે. સ્ટ્રાઈકર્સ**
**(૫) ટર્ફ બ્લાસ્ટર્સ** **(૬) એમ.ટી.એમ. રાઈડર્સ**

ટુર્નામેન્ટના મુખ્ય સૌજન્ય દાતા તેમજ ઈવેન્ટ પાર્ટનર્સ અને ટીમ ઓનર્સનો સ્પોટ્ર્સ સમિતિ હાર્દિક આભાર માને છે.

**❑સ્પોટ્ર્સ સમિતિ**

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત

## શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ



### હાર્દિક વિજ્ઞપ્તિ

પાટણ ખાતે ચાતુર્માસ કે શેષકાળ દરમ્યાન વિચરતા સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન ઉપલબ્ધ કરાવી શકાય તેવા શુભ આશયથી સને ૧૯૯૯માં પાટણ ખાતે મંડળ દ્વારા શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની સ્થાપના કરેલ છે.

જૈન ધર્મના ઉચ્ચ અભ્યાસ દ્વારા જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવાના સંસ્થાના હેતુને ચરિતાર્થ કરવા જ્ઞાનપીઠમાં **વાર્ષિક લગભગ રૂપિયા ૨૬ લાખથી વધુ ખર્ચ થવા પામે છે,** વધતા જતાં ખર્ચ તેમજ વર્તમાનમાં સતત ઘટતા જતાં વ્યાજને પરિણામે **જ્ઞાનપીઠ પ્રવૃત્તિને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવા મંડળ દ્વારા નીચેની વિગતે રૂા. ૫ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે.**

- **સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ ૮૦જી કલમ હેઠળ ૫૦ ટકા કર મુક્તિને પાત્ર છે.**

આ ઉપરાંત આપશ્રીના પરિવારમાં આવતા નાના મોટા પ્રસંગોએ પણ સંસ્થાને યાદ કરી સ્વૈચ્છિક રકમની ભેટ સિદ્ધહેમ જ્ઞાનપીઠ નિધિમાં મોકલાવી પુણ્ય ઉપાર્જન કરી શકાય. સમાજની ભાવી પેઢીમાં ધાર્મિક જ્ઞાનનું સિંચન થાય, તેઓ ધર્મના માર્ગે આગળ વધી શાસનના પ્રાચીન ગ્રંથોનું જ્ઞાન ગ્રહણ કરી આત્મ કલ્યાણ કરનાર અને કરાવનાર બને તેવી સંસ્થાની પ્રબળ ભાવના છે.

Bank details :- A/c Holder's Name
Shree Patan Jain Mandal
Bank of Baroda : Marine Drive Branch, Saving A/c No.
04050100015574 • IFSC : BARB0MARINE

### આ યોજના અંતર્ગત જોડાયેલ દાતાઓની નામાવલી

### શ્રુતજ્ઞાન પ્રદાન રત્ન સ્થંભ રૂા. ૧૧,૦૦,૦૦૦/-

૧. શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)
૨. શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૩. શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચીતારાની ખડકી)

### શ્રુતજ્ઞાન પ્રદાન સુવર્ણ સ્થંભ રૂા. ૫,૦૦,૦૦૦/-

૧. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૨. શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
૪. શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેર વાડો)
૫. ડૉ. રંજનબેન મહાસુખભાઈ (બચુભાઈ) પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૬. શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદભાઈ તેલીયાવાળા (મનમોહનજીની શેરી)
૭. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૮. શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૯. શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેર વાડો)
૧૦. શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
૧૧. શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૨. શ્રી વનરાજભાઈ પ્રતાપચંદ દલાલ (વસાવાડો)
૧૩. ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો)
૧૪. શ્રીમતી મીતાબેન બિપીનભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી)
૧૫. શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ(મલ્લાતનો પાડો)

## તંત્રી સ્થાનેથી...

### મહામારીના વિશ્વવ્યાપી આતંક પછી, સામાજીક સ્થિરતાની રાહે...

ભગવાન મહાવીર અને ગણધર ગૌતમ વચ્ચે થયેલો સંવાદ જ્યાં મહાવીરસ્વામી ગૌતમને જણાવે છે કે, **''જે દીન દુઃખીની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે અને મારા ધન્યવાદને પાત્ર છે.''** ત્યારે જિજ્ઞાસા સાથે ગૌતમે પૂછ્યું, ''ભન્તે ! દુઃખીઓની સેવાની અપેક્ષાએ તો આપની સેવા વધુ મહત્વની છે. આપ તો પવિત્ર આત્મા છો. ક્યાં આપ અને ક્યાં આ સંસારના પ્રાણીઓ, જે પોતાના કર્મના ફળ ભોગવી રહ્યા છે.'' મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને સમજણ આપતા કહેલ, **''ગૌતમ ! મારી સેવા, મારી આજ્ઞાનું પાલન કરવામાં છે અને તે જ મુક્તિનો ખરો માર્ગ છે.''**

શ્રી પાટણ જૈન મંડળ કરૂણા, દયાભાવ સાથે શિક્ષણ, મેડિકલ, આર્થિક સહાય થકી સમાજ ઉત્કર્ષ માટે કાર્યરત છે. કોરોનાની મહામારીએ સમાજમાં સ્વબળે આત્મનિર્ભર થવા માંગતા કેટલાય નોકરીયાત કુટુંબોની હાલત કફોડી કરી નાખી છે. છેલ્લા દોઢ વર્ષમાં સામાજીક તેમજ સરકારી સહાયથી કુટુંબો ટકી રહ્યા છે, પરંતુ આવા કુટુંબોને આત્મનિર્ભર કરી સ્થિરતા પ્રાપ્ત કરાવવા દીર્ઘદ્રષ્ટિનું આયોજન જરૂરી છે. કોરોનાના કહેર બાબત વધુ ચર્ચા કરવા કરતા પ્રતિબિંબના આ અંક તેમજ અગાઉના અંકમાં છપાયેલ મૃત્યુ નોંધથી તમને છેલ્લા ૨૦ મહિનામાં કોરોનાએ વર્તાવેલ વિનાશનો આછો ખ્યાલ આવશે. (આ યાદીમાં ઘણાએ 'કોરોના'ને કારણે અકાળે વિદાય લેવી પડી છે.)

સમાજમાં બાળકો સાથે રહેતા સીંગલ પેરેન્ટ્સના કેટલાક કુટુંબોની માનસિક યાતના સમજવાની સૌએ જરૂર છે. આપણા સમાજમાં બાળકો સાથે વડીલ તરીકે એકલા રહેતા માતા કે પિતાની પરિસ્થિતિ કોરોના સમયમાં તેમજ કાયમ અવઢવમાં હોય છે. કુટુંબના આવા આધાર સ્થંભનું માંદગીથી કે અચાનક અવસાન થતાં એમના પર નભતા બાળકોનું શું ?

ગત મહામારી દરમ્યાન ઘણા સીંગલ પેરેન્ટ્સના મંડળના સંચાલકો પર ફોન આવતા હતા. અમારા મકાનમાં કોરોનાના અનેક કિસ્સા છે, ન કરે નારાયણ એમને કંઈ થયું તો ? કુટુંબનું ભરણ પોષણ કરતી એકલી વિધવા, માતા કે ડાઈવોર્સના કેસના હિસાબે પતિથી અલગ રહેતી ત્યક્તા, માતા અથવા પત્નીના નિધન બાદ બાળકો સાથે રહેતા એકલા પિતાને ચિંતા હતી કે, **''કાલે મને કંઈ થયું તો મારા બાળકોના શિક્ષણ, ભરણ-પોષણનું શું..?''** આવાં કેટલાય કુટુંબોને ત્યારે પ્રમુખ દ્વારા આશ્વાસન અપાયેલ કે, શ્રી પાટણ જૈન મંડળ અને સમાજના દાતાઓ આવા બાળકોને નિરાધાર નહીં થવા દે, સંસ્થા આવા કુટુંબને સ્થિર અને સ્થાયી કરવા દરેક પ્રકારે મદદરૂપ થશે. આપણા સમાજમાં કોરોના કાળ દરમ્યાન બનેલ આવી એક સત્ય ઘટના સંક્ષિપ્તમાં રજૂ કરીએ છીએ. આ કિસ્સામાં બાળકોનું ભણતર પૂર્ણ નથી થયું, માતા પાંચ વર્ષ પહેલા અને પિતા ગત વર્ષે કોરોનાથી મૃત્યુ પામ્યા. આજે વડીલ તરીકે બાળકોના કાકા-કાકી ભત્રીજાઓનો શક્યતઃ બધો ખ્યાલ રાખે છે, પણ આર્થિક બોજ સહન કરવાનું તે પરિવારનું પણ સામર્થ્ય ન હોવાથી શ્રી પાટણ જૈન મંડળે પોતાની નૈતિક અને સામાજીક ફરજ સમજી આ પરિવારને ભવિષ્યમાં આર્થિક કારણોસર તકલીફ ન પડે એનું ધ્યાન રાખવા આયોજન કરેલ છે. રાજ્ય સરકારે પણ તે પરિવારના સંતાનોનું ભણતર પુરુ કર્યા પછી એક બાળકને સરકારી નોકરીનું તેમજ શાસકીય નિયમ પ્રમાણેના લાભ આપવા આશ્વાસન આપેલ છે.

કહેવાનું તાત્પર્ય એજ કે આવા અનેક કિસ્સાઓમાં સંસ્થાના લેટરહેડ ઉપર લખાયેલ એક અરજી તેમજ ભલામણ પત્રના માધ્યમથી પ્રયત્ન કરાય તો કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની અનેક સહાયક યોજનાના લાભો સમાજના આવા ખરેખર જરૂરિયાતવાળા કુટુંબો માટે મેળવી શકાય. કોરોના કાળ દરમ્યાન આને અનુરૂપ બીજા પણ કેટલાંક કિસ્સાઓ બનેલ તેનું સવિસ્તાર વર્ણન હાલ સંભવ નથી. **આવા નિરાધાર પરિવારો પ્રત્યે અનુકંપા લાવી ચોક્કસ આયોજન વિચારાય તો જ આવી મહામારીના પીડાદાયક પ્રભાવમાંથી પીડીત પરિવારોને સ્થિરતા બક્ષી શકાય.**

❑ **સંપાદક સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ

### વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણી

**વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી ૨૦૨૩-૨૦૨૪**

**૧. ઉમેદવારી પત્રક મેળવવાનો દિવસ અને સમય :** સોમવાર, તા. ૨૫-૧૦-૨૦૨૧ થી શનિવાર, તા. ૧૩-૧૧-૨૦૨૧, સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી

**૨. ઉમેદવારી પત્રક સ્વીકારવાનો છેલ્લો દિવસ અને સમય :** શનિવાર, તા. ૧૩-૧૧-૨૦૨૧, સાંજના ૬.૦૦ (સ્ટા.ટા.)

**૩. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાનો છેલ્લો દિવસ અને સમય :** મંગળવાર, તા. ૧૬-૧૧-૨૦૨૧, સાંજના ૬.૦૦ (સ્ટા.ટા.)

૪. બંધારણની કલમ ૧૭ ની પેટા કલમ ૧૬(૧) ની યાદી અન્વયેના મુંબઈ મહાનગરપાલિકા, થાણા તથા પાલઘર જિલ્લાની હદમાંના મતદાર સભાસદોએ રૂબરૂમાં **મતદાન કરવાનો દિવસ, સમય - રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૨૧ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી.**

૫. બંધારણની કલમ ૧૭ ની પેટા કલમ ૧૬(૨) ની યાદી અન્વયેના મુંબઈ મહાનગરપાલિકા, થાણા તથા પાલઘર જિલ્લાની હદ બહારના મતદાર સભાસદોને મોકલાવેલ મતપત્રકો સ્વીકારવાનો છેલ્લો દિવસ : **રવિવાર, તા.૧૨-૧૨-૨૦૨૧ સાંજના ૫.૦૦ (સ્ટા.ટા.) પાંચ વાગ્યા સુધી.**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

# Details of corpus and sahay for Medical - 2019-20

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
|---|---|---|---|---|
| **Medical Relief** | 58.50 | 205 | 19.48 | 9.36 |
| Smt.Sudhaben Pannalal Chudgar Fund | | | | |
| **Medicine Relief** | 61.11 | 307 | 17.86 | 10.95 |
| Shri Pravinchandra Keshrichand Shah | | | | |
| **Mother & Child Health Care** | 12.30 | 16 | 9.57 | 4.46 |
| Smt. Subhadraben Vrajlal Ambalal Shah Fund | | | | |
| **Pediatric Treatment** | 16.00 | 6 | 2.05 | 1.72 |
| Smt Madhurika Narendra Shah Fund | | | | |
| **Neurological Treatment** | 5.51 | 20 | 14.57 | 4.15 |
| Smt.Sushilaben Kantilal Nagardas Shah Fund | | | | |
| **Kidney Treatment** | 19.50 | 32 | 14.51 | 6.50 |
| Shri Champaklal Mafatlal Chudghar Fund | | | | |
| **Cancer Treatment** | | | | |
| 1. Jabhalawala Pariwar Fund | 28.14 | 15 | 19.47 | 5.87 |
| 2. Shri Kirtilal Somchand Shah Fund | 8.01 | | | |
| Cancer Fund General Mandal Fund | 0.75 | | | |
| **Cancer Surgery** | 11.11 | 2 | 3.11 | 1.11 |
| Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) Fund | | | | |
| **Eye Check-up** | 6.75 | 13 | 6.43 | 2.85 |
| Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) Fund | | | | |
| **Heart Care Treatment** | | | | |
| 1. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 49.06 | 128 | 38.48 | 13.32 |
| 2. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 10.11 | | | |
| **Orthopedic Treatment** | 10.29 | 26 | 17.79 | 10.24 |
| Smt. Kalavati Kantilal Mafatlal Chudgar Fund | | | | |
| **ENT Treatment** | 25.00 | 1 | 0.38 | 0.20 |
| Smt. Gulabben Ramanlal Nagindas Shah Fund | | | | |
| **Diabetes** | 7.51 | 145 | 12.35 | 7.91 |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | | | | |
| **Dialyses** | 23.00 | 2 | 0.62 | 0.30 |
| Nirmalaben Ravindrabhai Mohanlal Shah Fund | | | | |
| **Dental Surgery** | 25.00 | 15 | 3.37 | 1.54 |
| Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah Fund | | | | |
| **Investigation & Diagnosis** | | | | |
| 1. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 5.51 | 74 | 4.22 | 1.92 |
| 2. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 5.51 | | | |
| **Mediclaim Floater Policy** | | | | |
| 1. Smt. Shardaben Babubhai Kalidas Shah | 89.34 | | | |
| **Mediclaim Policy Premium Reimbersement** | | | | |
| 1. Shri Bhogilal Chunilal Jhaveri Fund | 15.0 | 286 | 38.47 | 20.56 |
| 2. Shri Devchand Nagardas Zaveri Fund | 11.0 | | | |
| Mediclaim Fund General Mandal | 1.11 | | | |
| **Medical Fund General Mandal** | 139.55 | | | |
| **Total** | **644.67** | **1293** | **222.73** | **101.22** |

# Details of corpus and sahay for Education 2019-20

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction R.in Lacs |
|---|---|---|---|---|
| **Pre Primary** | 25.00 | 26 | 9.42 | 5.36 |
| Maulik-Divyabalaben Navinchandra Shah Fund | | | | |
| **Std. I to IV** | 10.18 | 21 | 7.29 | 3.38 |
| Smt. Lilavati Khoobchand Sarupchand Shah Fund | | | | |
| Maulik-Divyabalaben Navinchandra Shah Fund Haste: Mahendrabhai Popatlal Shah | 25.00 | | | |
| **Std.V to Graduation & Text book** | 111.07 | 116 | 39.06 | 21.75 |
| 1 Sevantilal Kantilal Trust Fund | | | | |
| 2 Shri Deepakbhai Champaklal Zaveri Fund | | | | |
| Text book | 15.00 | 5 | 0.12 | 0.08 |
| **Higher Education Books** | 10.50 | 3 | 0.37 | 0.24 |
| Shri Vadilal Chunilal Shah Fund | | | | |
| **Post Graduation Education** | 10.51 | 11 | 2.93 | 1.85 |
| Shri Amrutlal Mulchand Shah Fund | | | | |
| **Information Technology** | 7.56 | 1 | 0.78 | 0.30 |
| Shri Pankaj Chandrakumar Manilal Zaveri (Saheba) Fund | | | | |
| **Computer Education** | 8.50 | 6 | 3.17 | 2.02 |
| Shri Popatlal Bhikachand Zaveri Fund | | | | |
| **Vocational Courses** | 25.11 | 7 | 3.77 | 1.83 |
| Smt.Hasumatiben Rameshchandra Bapulal Shah Fund | | | | |
| **Buisness & Management** | 15.00 | 8 | 4.37 | 3.25 |
| Shri Jagdishbhai Manilal Sanghavi Fund | | | | |
| **Post-Graduation Merit Scholarship** | 2.00 | 1 | - | 0.10 |
| Keshavlal Kilachand Charitable Trust Fund | | | | |
| **Tutorials Class Education** | | 33 | 17.42 | 10.13 |
| 1 Shri Yashvadan Jesinglal Choksi Fund | 8.03 | | | |
| 2 Smt.Kusumben Rasiklal Himatlal Shah Fund | 25.11 | | | |
| **C.A.** | - | 4 | 1.65 | 1.02 |
| **Company Secretary** | - | 1 | 0.80 | 0.60 |
| **Finance** | - | 4 | 1.88 | 0.90 |
| **Engeeniring** | 25.11 | 10 | 11.05 | 3.93 |
| Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah Fund | | | | |
| **Womens Udhyam Talim** | 11.78 | - | - | - |
| Smt. Nirmalaben Shantilal Rikhavchand Shah Fund | | | | |
| **Hostel** | - | 1 | 0.45 | 0.10 |
| **Medical Education** | 25.00 | 8 | 5.21 | 3.50 |
| Pramodbhai Bhogilal Uttamchand Zaveri Fund | | | | |
| **Shikshan Sahay Fund Mandal** | 1.59 | | | |
| **Grand Total** | **494.46** | **285** | **109.92** | **61.04** |
| **Revolving Fund ( Education ) Loan** | 183 | 20 | - | 76.85 |

## Details of Corpus and Sahay for Social Upliftment - 2019-20

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Application in Nos. | Sanction Rs.in Lacs |
|---|---|---|---|
| **Aarthik & Bhada Sahay** | | | |
| 1. Smt Motiben Manilal Vadilal Zaveri Fund | 20.94 | 83 | 14.44 |
| 2. Smt. Hansaben Rameshchandra Chhabildas Jhaveri Fund | 29.00 | | |
| **Bhada Sahay** | - | 104 | 3.70 |
| **Mandal Fund** | **35.63** | | |
| **Total** | **85.57** | **187** | **18.14** |
| **Mahila Utkarsh Sahay** | | | |
| Late Kanchi Jatinkumar Zaveri (Saheba) Fund | 14.52 | 47 | 10.56 |
| **Mandal Fund** | **5.55** | | |
| **Total** | **20.07** | **47** | **10.56** |
| **Senior Citizen Sahay** | | | |
| 1. Shri Kesarichand Jesinglal Shah Fund | 45.67 | 136 | 30.90 |
| 2. Smt Kantaben Chimanlal Shah Fund | 7.50 | | |
| 3. Smt. Kalaben Laxmichand Zaveri Fund | 7.50 | | |
| **Mandal Fund** | **77.61** | | |
| **Total** | **138.28** | **136** | **30.90** |
| **Viklang Utkarsh Sahay** | | | |
| 1. Shri Alkesh Bhadrakumar Memorial Trust Fund | 9.05 | | |
| 2. Shri Pannalal Mafatlal Chudgar Fund | 11.70 | | |
| 3. Smt.Niruben Sevantilal Dalpatchand Shah Fund | 7.62 | | |
| **Mandal Fund** | **76.82** | **31** | **5.60** |
| **Total** | **105.19** | **31** | **5.58** |
| **Udhyam Protsahan** | | | |
| 1. Arvindbhai Girdharlal Shah | 18.38 | 15 | 5.60 |
| **Mandal Fund** | | | |
| **Grand Total** | **367.49** | **416** | **70.78** |


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

# SPORTS, A HEALTHY LIFESTYLE...

Sport and physical activity can substantially contribute to the well-being of people and promote a healthy lifestyle. Exercise and sport have been effectively used in the treatment and rehabilitation of many diseases and are a strong means for the prevention of diseases too.

Research has shown that physical movement for playing sports can affect the brain's physiology by increasing cerebral capillary growth, oxygenation, blood flow, brain tissue volume, growth of nerve cells, and development of nerve connections. These changes lead to improved attention, improved information processing, storage, and retrieval.

**The positive and direct effects of engaging in regular sports are particularly apparent in preventing several chronic diseases like diabetes, cancer, cardiovascular disease, depression, obesity, and hypertension.**

The report from *The United Nations Inter-Agency Task Force on Sport for Development and Peace states that* "young people can benefit from physical activity as it contributes to developing healthy bones, lung function, efficient heart, and improved motor skills."

Several studies have shown that exercise may play a therapeutic role in addressing a number of psychological disorders. Sports have always been known for their physical benefits, but **research has also found that sports participation can also positively affect our mental health.**

When we are physically active, our mind is distracted from daily stress. While playing any sports, we are cut off from the outer world; this can help avoid getting negative thoughts. **Exercise and Yoga reduce the level of stress hormones in our body.** At the same time, it stimulates the production of endorphins. These are natural mood lifters that can help keep stress and depression at bay.

Regular physical activity helps keep our key mental skills sharp as we age. This includes sharp thinking, learning, focusing, and using good judgment, so most top management in any corporate house plays some sports or other on a regular basis.

Sports improve the quality of sleep. It does this by helping us to fall asleep faster and deepening our sleep. Sleeping better can improve our mental outlook for the next day.

The Centers for Disease Control and Prevention recommend sports participation as a healthy way to maintain weight. Individual sports like cycling, running, swimming, etc. are effective ways to burn calories. **Staying within a recommended weight range reduces the likelihood of developing diabetes, high cholesterol, etc.**

Team sports such as cricket, volleyball, soccer, etc., boosts leadership traits. People involved in these sports are naturally more inclined to adopt a **"team mindset"** at the workplace because of the opportunity they get to train, win or lose together. The team mindset leads to strong leadership qualities over time. Furthermore, team sports are good for learning accountability and dedication. Sports help to make many new friends from the team who can be there as a support system in highs and lows of life.

The regular exercise that comes with playing sports can help boost our confidence and improve our self-esteem. As our strength, skills, and stamina increase through playing sports, our self-image will improve as well. With the renewed energy that comes from physical activity, we may be more likely to succeed in tasks off the playing field.

Sports can benefit children in a big way. Numerous studies have demonstrated the positive effects of playing sport on academic achievement. **Most kids have too much screen time and not enough hands-on activity/sports.** Sports require memorization, repetition, and learning skill sets that are directly relevant to classwork. Also, the determination and goal-setting skills sports require can be transferred to the classroom too.

Strategic thinking, motor skills, and mathematical skills are learned by playing sports. **Sports help kids to develop discipline. They learn to set goals and then work to achieve those goals.** They learn that they can accomplish the things they want to achieve in their lives by working hard.

Kids, who play sports, quickly learn that sometimes you win, and sometimes you lose. They learn to be good in both situations. **It also helps them to deal with disappointments and failures.** Team sports commit the child to regular exercise, which helps boost immunity. Playing any sports is an excellent way for the child to expand their social, communication skills, and emotional development.

Thus sports and physical exercise, at any age, are good for the mind, body, and spirit. In today's stressful and fast life, engaging in any sports is a must for living a healthy lifestyle.

❑ **Viral Narendra Jhaveri**

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક અષ્ટાપદજી દહેરાસર અને ધર્મશાળા - પાટણ

### હાર્દિક વિજ્ઞપ્તિ

ગામ પાટણ મુકામે આવેલ ૫૦૦ વર્ષ ઉપર પ્રાચીન જિનાલયમાં સાંપ્રતિ મહારાજા સમયના શ્રી અષ્ટાપદજી દહેરાસરમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુસ્વામી તેમજ જુદી જુદી અલૌકિક પ્રતિમાજીઓ આવેલી છે, જેમાં ભોંયરામાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્રી શામળા પાર્શ્વનાથજી તથા શ્રી અંબિકાદેવી બિરાજમાન છે. ઉપરના ભાગના ગભારામાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામી પરિકર સાથે, તેની આજુબાજુમાં શ્રી મુનીસુવ્રત સ્વામી, શ્રી નેમીનાથ સ્વામી, શ્રી આદેશ્વરદાદા તથા શ્રી શાંતિનાથ ભગવાન તેમજ મણિભદ્રવીર દાદા બિરાજમાન છે. બાજુના ગભારામાં શ્રી અષ્ટાપદજી ચોવીસ તીર્થંકર તથા મેરૂ પર્વત કે જેમાં ૨૦ ભગવાન બિરાજમાન છે.

ત્યારબાદ ઉપરના જ ભાગમાં બહારની સાઈડ શ્રી ચંદ્રપ્રભુસ્વામી તથા બીજા અન્ય ૧૨ ભગવાન જ્યારે ડાબી બાજુ શ્રી આદેશ્વરદાદાની અલૌકિક પ્રતિમાજી છે, એવું કહેવાય છે કે આવા કાનની છૂટી બુટવાળા વિશ્વમાં માત્ર બે જ પ્રતિમાજી છે, તેની નીચેના ભાગમાં ગુરુ મંદિર આવેલ છે.

ઉપરોક્ત દહેરાસરોનો પાયામાંથી જિર્ણોદ્ધાર કરાવવાનું ટ્રસ્ટ દ્વારા નક્કી કરાયેલ છે અને તેને લગતા બાંધકામના નકશા પણ તૈયાર થયેલ છે. સૌથી પહેલા તો ઉપરોક્ત પ્રતિમાજીઓનું વિધિવિધાન મુજબ શ્રી અષ્ટાપદજી દહેરાસરના બહારના ભાગમાં તેની વ્યવસ્થા ગોઠવીને ઉત્થાપન કાર્ય પૂર્ણ કરેલ છે.

જિનાલય પુનઃ નિર્માણ માટેની ખનન વિધિ તથા શિલાન્યાસ વિધિ રંગેચંગે સંપન્ન થતાં તળીયાથી પુરણકામ (ભરણી) પૂર્ણ થયેલ છે.

આ ત્રણેય જાજરમાન જિનાલયના સંયુક્ત જિર્ણોદ્ધર અંગે થનાર વિશાળ ખર્ચમાં ઉદાર રકમનો ફાળો નોંધાવી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા હાર્દિક વિજ્ઞપ્તિ છે.

નોંધઃ ચેક કે ડ્રાફ્ટ નીચે મુજબના નામનો આપી શકાશે.

**''શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક અષ્ટાપદજી દહેરાસર અને ધર્મશાળા''**

દાનની રકમ ઓનલાઈન પણ મોકલાવી શકાશે
CENTRAL BANK OF INDIA
PATAN - A/c No. : 1890420319
IFSC : CBIN0280470

**વધુ વિગતો માટે સંપર્ક :**

**શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ - ૯૮૬૯૦૩૧૫૨૧**
**શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી - ૯૮૨૦૦૭૦૯૮૧**

## શ્રી પાટણ જૈન વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ ટ્રસ્ટ

છેલ્લા ચાર વર્ષથી ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિ પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અપાઈ રહેલ છે, એ દ્વારા જ્ઞાતિના શૈક્ષણિક વિકાસ તરફ મહત્વનું યોગદાન પુરૂં પાડી રહ્યું છે.

ચાલુ વર્ષ સને ૨૦૨૧-૨૨માં અત્યાર સુધી ૪૪ પરિવારોના ૪૪ વિદ્યાર્થીઓને રૂા. ૧૮૦૦૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ મોકલી છે. આજ પરિવારોમાંથી બીજા અન્ય વિદ્યાર્થીઓને હજુ મોકલવાની છે. વ્યાજની આવક ઘટતા આપણે અનુદાન લેવાનું નક્કી કર્યું છે. આપ સૌને જણાવતા આનંદ થાય છે કે, **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ માટલીવાળા પરિવાર** (કનાસાનો પાડો)તરફથી પાંચ વિદ્યાર્થીઓ માટે આપણને અનુદાન પ્રાપ્ત થયું છે. આવી જ રીતે જ્ઞાતિ, સમાજમાંથી અન્ય શ્રેષ્ઠીઓ દ્વારા અનુદાન પ્રાપ્ત થશે તેવી અમને પૂરી ખાતરી છે. વધુમાં અમે કોરપસ ફંડ વધારવા માટે પ્રયાસ શરૂ કરવા પણ વિચારી રહ્યા છીએ.

આપની નિયત અરજી સાથે હાલનો અભ્યાસ તેની ફી ભર્યાની રસીદ (પ્રુફ સહિત) અને કેન્સલ ચેક નીચે આપેલ એડ્રેસ પર મોકલશો.

**પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ :** ૧૨, ફિરદોઝ, ૫૬ નેતાજી સુભાષ રોડ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.

### ટ્રસ્ટી મંડળ

| | |
|---|---|
| શ્રી પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ | -૯૮૨૦૦૨૧૮૪૬ |
